# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૮ જૂન, ૨૦૦૬)

(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦) **સત્સંગ પ્રાજ્ઞ - ૧ : પ્રશ્નપત્ર - ૧** (કુલ ગુણ : ૧૦૦)

**નોંધ :- જમણી બાજુએ આપેલ અંક જે તે પ્રશ્નના ગુણ દર્શાવે છે.**

**('વચનામૃત'ના આધારે)**

**પ્રશ્ન.૧. (અ) નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** (ગુણ ૨૧)

૧. આત્મનિષ્ઠા અને ભક્તિનિષ્ઠાવાળાનાં લક્ષણ
૨. ભગવાનના આકારનું ખંડન ક્યારેય ન કરવું.
૩. ઇન્દ્રિયો - અંતઃકરણને ઉપદેશ અને ભગવાનને પ્રાર્થના.
૪. અનંત મુક્ત થઈ ગયા અને મુક્ત થશે. તેમાં ઉપાધિમાં રહીને નિર્લેપ રહે તેવો કોઈ થયો નથી અને થશે પણ નહિ.
૫. સૂર્ય સામી ધૂળની ફાંટના દૃષ્ટાંતે દોષરૂપી દુઃખ.

**(બ) નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો.** (ગુણ ૧૫)

૧. જેને ભગવાનને ....... તેનો હુકમ નથી.
૨. આવી સમજણ હોય ........ તે વતે જ થાય છે એમ સમજે.
૩. જેને પંચવર્તમાનમાં ....... સહજે જ હેત થાય છે.
૪. આત્મનિષ્ઠા તો હોય ........ ભક્તિ નથી પામતો.
૫. પોતપોતાના વર્ણાશ્રમનો ....... એકાંતિક ધર્મ કહીએ.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો.** (ગુણ ૪)

૧. વૈરાગ્ય  ૨. મનોમય ચક્ર

**('સ્વામીની વાતો'ના આધારે)**

**પ્રશ્ન.૨. (અ) નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો.** (ગુણ ૫)

૧. સત્સંગ જાળવવો કઠણ છે, તે કોણ જાળવી શકે ?
૨. ગોરધનભાઈ - પર્વતભાઈ જેવા સત્સંગી કેમ થવાય ?
૩. આવા સાધુના ...... દર્શન મૂકીને - વાક્ય પૂરું કરો.
૪. કોણ અનંત કલ્પ સુધી દુઃખ ભોગવશે પણ સુખી નહીં થાય ?
૫. આ ફૂલ સુધી કોઈ પૂગતા નથી - આમ કહી સ્વામી શું સૂચવે છે ?

**(બ) કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધીને ખાલી જગ્યા પૂરો.** (ગુણ ૫)

૧. જેટલું અજ્ઞાન છે તેટલો જ ...................... થાય છે. (દ્રોહ, કુસંગ, ફેલ)
૨. મુક્તાનંદ સ્વામી ...................... જેવા છે. (વિમાન, ગરુડ, મગરમચ્છ)
૩. આ વચનામૃત વાંચતા એમ જણાયું જે .................... સુધી એમ કર્યા વિના છૂટકો જ નથી. (કોટિવર્ષ, કોટિકલ્પ, અનંતકોટિ)
૪. મહારાજની મૂર્તિ વિના અને સાધુ વિના ...................... ક્યાંય નથી. (લાભ, સુખ કે શાંતિ, અખંડ સુખ)
૫. મોટા અંકાતિક સાધુ છે તે દ્વારે તો ...................... અખંડ રહ્યા. (મર્યાદા પુરુષોત્તમ રામ, પુરુષોત્તમનારાયણ, મહારાજ)

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર વિસ્તૃત નોંધ લખો.** (ગુણ ૧૦)

૧. બ્રહ્મરૂપ થવાનો ઉપાય  ૨. શ્રીજીમહારાજની સર્વોપરીતા  ૩. સંત મહિમા

**('બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' વિસ્તૃત જીવનચરિત્રના આધારે)**

**પ્રશ્ન.૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** (ગુણ ૨૦)

૧. ભગતજી મહારાજે કરેલ અક્ષરબ્રહ્મનો ઉદ્‌ઘોષ
૨. ભગતજી મહારાજીના સંતો
૩. જૂનાગઢમાં પ્રાગજી ભક્ત અને જાગા ભક્તનું મિલન

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર નોંધ લખો.** (ગુણ ૨૦)

૧. ભગતજીનો ખાનદેશમાં પ્રભાવ
૨. ભગતજી મહારાજના પત્રો
૩. સ્વધર્મનિષ્ઠા : ભગતજી મહારાજ
૪. પ્રાગજી ભક્તની બાળલીલા

**નોંધ :- ઉપરોક્ત તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૬ જુલાઈ, ૨૦૦૬ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતા રહેલી છે.**

---

**પ્રતિ,**
**પરીક્ષા વ્યવસ્થાપક** **(તા. ૧૮ જૂન, ૨૦૦૬ પરીક્ષા : સત્સંગ પ્રાજ્ઞ-૧(૧) માધ્યમ : ગુજરાતી સમય : સવારે ૯ : ૦૦ થી ૧૨ : ૦૦)**

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

૭૦૧

પરીક્ષાર્થીની અટક :-
પરીક્ષા આપી તે તારીખ :-
પરીક્ષાર્થીનું નામ :-
પરીક્ષા આપી તે સમય :-
પિતા / પતિનું નામ :-
બેઠક ક્રમાંક :- | | | | | | |
પરીક્ષા સ્થળનું નામ :-
કેન્દ્ર નંબર :- | | | | |
પરીક્ષાર્થીની સહી :-
કેન્દ્રનું નામ :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરી સ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત વર્ગમાં હાજર રહેલા તમામ પરીક્ષાર્થીઓની હાજરીની સ્લીપો ભેગી કરીને, તેની સંખ્યા પૂર્વ કસોટીના અહેવાલમાં લખીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય-અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.**